# કુશાસન એક ડાયાબિટીસ છે: મોદી

મુંબઈ,તા. ૨૨

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રદાન નરેન્દ્ર મોદીએ આજે દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં મહાગર્જના રેલીને સંબોધતા બેરોજગારી , ભ્રષ્ટાચાર સહિતના તમામ વિષય પર વાત કરીને કોંગ્રેસ પર આંકરા પ્રહારો કર્યા હતા. મોદીએ ફરી એકવાર કોંગ્રેસમુક્ત ભારતની હાકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી કોંગ્રેસ મુક્ત ભારત બનશે નહી ત્યાં સુધી તમામ સમસ્યાઓનો ઉકેલ આવશે નહી. તેમણે લાખોની સંખ્યામાં ઉમટી પડેલા લોકોને સંબોધતા કહ્યું હતુંકે કોંગ્રેસ વોટ બેંકની રાજનિતીમાં ડુબેલી છે અને તે સમાજને તોડવા અને વિભાજિત કરવાના કામ કરી રહી છે. મોદીએ તેમના ભાષણમાં આ વખતે કોઈ પાર્ટીને નહી બલ્કે દેશ માટે મત આપવાની અપીલ કરી હતી. મોદીએ મરાઠીમાં મુંબઈના લોકોનો અભિવાદન કરતા કહ્યું હતું કે વિકાસના નામ પર કોંગ્રેસ લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. મોદીએ કહ્યું હતું કે વિદેશી બેંકોમા પડેલા કાળા નાણાંને દેશમાં ફરી લાવીને ગરીબ લોકોને તેમની સેવામાં લગાવવાની જરૂર છે. મોદીએ મહારાષ્ટ્રની મોટી હસ્તીઓને યાદ કરી હતી. મોદીએ મહારાષ્ટ્રને ગુજરાતના મોટા ભાઈ તરીકે ગણાવીને કહ્યું હતું કે મુંબઈ ગુજરાતી ભાષા અને તેના લોકોના બીજા ઘર તરીકે છે. પીએમ પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ મોદીની આ પ્રથમ સભા હતી. બ્રાન્દ્રા-કુર્લા સંકુળમાં યોજાયેલી આ રેલીમાં ચાવાળાઓ વીઆઈપી ગેસ્ટ તરીકે હતા. મોદીની આ સભામાં ૧૦ હજાર ચાવાળાઓને આમંત્રિત કરાયા હતા. મોદીએ મરાઠીમાં કોંગ્રેસમુક્ત ભારતના નારા આપ્યા હતા. કુશાસનને ડાયાબિટીસ જેવી બિમારી તરીકે ગણાવીને તેમણે કહ્યું હતું કે હવે દેશને કોંગ્રેસ મુક્ત ભારત જોઈએ છે. ભાષણના અંતે મોદીએ કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪ની ચૂંટૅણીમાં લોકોએ ભારત માટે મતદાન કરવાની જરૂર છે. મોદીએ તમામ મુદ્દે વાત કરી હતી. મહારાષ્ટ્ર અને ગુજરાતની સરખામણી કરતા મોદીએ કહ્યું હતું કે બન્નેની રચના બાદ ગુજરાતમાં ૧૪ મુખ્યપ્રધાન અને મહારાષ્ટ્રમાં ૨૬ મુખ્ય પ્રધાન બન્યા છે. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીના ચારિત્ર્યને જ્યાં સુધી સમજવામાં આવશે નહી ત્યાં સુધી સમસ્યાઓનો ઉકેલ આવશ નહી. તેમણે દાવો કરતા કહ્યું હતું કે દેશની સમસ્યાઓનુ કારણ જનતા નહી બલ્કે કોંગ્રેસ સાશિચ સરકારો છે. જેથી હવે કોંગ્રેસમુક્ત ભારતનુ સ્વપ્ન પૂર્ણ કરવુ પડશે. તેમણે કહ્યું હતું કે આઝાદીના ગાળા દરમિયાન ક્વિટ ઈન્ડિયાની ગુંજ અહીંથી શરૂ થઈ હતી.

આખરે અગ્રેજોને ભારત છોડવાની ફરજ પડી હતી. હવે મુંબઈની ધરતી પરથી ફરી કોંગ્રેસ ફ્રી ઈન્ડિયાનો અવાજ ઉઠવો જોઈએ. વોટબેંકની રાજનિતીથી મુક્ત થવા મોદીએ અપીલ કરી હતી.મોદીએ આ પ્રસંગે ગુજરાત અને મધ્યપ્રદેશની કામગીરીની ભારે પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે શિવરાજ સિંહ સરકારે મધ્યપ્રદેશમાં વિકાસ માટે ક્રાતિ લાવી છે. મધ્યપ્રદેશ એક વખતે બિમાર રાજ્યની સ્થિતી રહ્યા બાદ આજે તેની તુલના શ્રેષ્ઠ રાજ્યમાં થાય છે. મોદીએ તેમના ભાષણમાં નામ લીધા વગર રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા હતા. ભ્રષ્ટાચારમાં ગળાડુબ લોકો જ ભ્રષ્ટાચારને દુરકરવાની વાત કરી રહ્યા છે. મોદીએ કોંગ્રેસ પર આક્ષેપ કરતા કહ્યું હતું કે મતના નામે મુસ્લિમ લોકો સાથ વિશ્વાસઘાત કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. કાળા નાણાં મામલે કોંગ્રેસ મૌન છે. મોદીએ તેમની અદામાં કહ્યું હતું કે પરિવર્તનની લહેર જારી છે. ભારતના દરેક ગરીબ લોકો હવે વીઆઈપી બનનાર છે. સ્કીલ ડેવલપમેન્ટની મોદીએ ખાસ વાત કરી હતી. દેશમાં બેરોજગારી મોટી સમસ્યા છે. સમગ્ર દુનિયામાં સ્કીલ ડેવલપમેન્ટ પર ધ્યાન અપાઈ રહ્યું છે પરંતુ ભારતમાં માત્ર કમિટીઓ બની રહી છે. ત્રણ ત્રણ વર્ષ કોઈ બેઠક થઈ રહી નથી. ભારતમાં શ્રમમેવ જયતે મંત્ર બનાવવાની તેમણે વાત કરી હતી.



### બાંદ્રા-કુર્લા કોમ્પલેક્ષ ખાતે સઘન સુરક્ષા

## નરેન્દ્ર મોદીએ શુ કહ્યું.......

- કોંગ્રેસ મુક્ત ભારતનુ સ્વપ્ન પૂર્ણ કરવાની જરૂર છે
- કોંગ્રેસ પાર્ટીના ચારિત્ર્યને જ્યા સુધી સમજાશે નહી ત્યાં સુધી સમસ્યાઓનો ઉકેલ આવશે નહી
- દેસભરમાં પરિવર્તનની લહેર ચાલી રહી છે
- વોટબેંકની રાજનિતીથી દુર થવાની જરૂર છે
- અગ્રેજો સામે લડતા લડતા કોંગ્રેસે પણ હવે ભાગલો પાડો અને શાસન કરોની નિતી અપનાવી લીધી છે
- ભાજપ સરકારે દેશમાં શાનદાર કામગીરી અદા કરી રહી છે
- મધ્યપ્રદેશે દેશના અનાજના ભંડારોન ભરી દીધા છે
- મહારાષ્ટ્રમાં આજે પણ ખેડુતોને આત્મહત્યા કરવાની ફરજ પડી રહી છે
- ભ્રષ્ટાચારમાં ગળાડુબ થયેલા લોકો ભ્રષ્ટાચારને દુર કરવાની વાત કરી રહ્યા છે
- મત મેળવવા માટે મુસ્લિમ લોકો સાથે વિશ્વાસઘાત કરવામાં આવી રહ્યો છે
- કાળા નાણાંને પરત લાવવા માટે કોઈ પગલા લેવામાંઆવી રહ્યા નથી
- ટીવી પર મોદી ભલે ન હોય પરંતુ દેશના લોકોના મનમાં મોદી છે
- કેબલ પર તાળા લગાવી શકાય થઇે પરંતુ લોકોના મન પર તાળા લગાવી શકાય નહી
- સ્કીલ ડેવલપમેન્ટ પર ભાર મુકવાની જરૂર છે
- દેશની સામે બેરોજગારી ખુબ ગંભીર સમસ્યા છે
- દુનિયામાં સ્કીલ ડેવલપમેન્ટ પર કામ થઈ રહ્યું છે પરંતુ ભારતમાં માત્ર કમિટીઓ જ બની રહી છે
- નવી ટેકનોલોજીને અપનાવવાની તાકીદની જરૂર છે
- કુશાસન ડાયાબિટીસ જેવી બિમારી છે
- પાર્ટી માટે નહી બલ્કે દેશ માટે મતદાન કરવા લોકોને અપીલ

# દિલ્હીમાં સરકાર રચવા આજે નિર્ણય

નવી દિલ્હી,તા. ૨૨

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે આજે સંકેત આપ્યો હતો કે દિલ્હીમાં નવી સરકારની રચના કરવા અંગેનો નિર્ણય આવતીકાલે સવારે લેવામાં આવશે. આવતીકાલે સવારે આ નિર્ણયની વિધિવતરીતે જાહેરાત કરવામાંઆવશે. આમ આદમી પાર્ટી હાલમાં લોકોના અભિપ્રાય મેળવવામાં વ્યસ્ત બનેલી છે. લોકોના અભિપ્રાય મોટા ભાગે સરકાર રચવાની તરફેણમાં આવી રહ્યા છે જેથી અરવિંદ કેજરીવાલા નેતૃત્વમાં સરકારની રચના નિશ્ચિત દેખાઈ રહી છે. આવતીકાલે વિધિવતરીતે આની જાહેરાત કરવામાં આવશે. મોટાભાગના લોકો આમ આદમી પાર્ટી પાસેથી મોટી અપેક્ષાઓ રાખી રહ્યા છે.



ચૂંટણી ઢંઢેરાને પાળવામાં તેઓ સફળ રહેશે કે કેમ તે અંગે પુછવામાં આવતા કેજરીવાલે કહ્યુ હુતકે તેમની પાર્ટી લોકોના અભિપ્રાય સાથે તૈયાર કરવામાં આવેલા ચૂંટણી ઢંઢેરાને પરિપૂર્ણ કરશે. નિષ્ણાંતો સાથે ચર્ચા કરવામાં આવ્યા બાદ આ દિશામાં આગળ વધવામાંઆવશે. સરકારની રચના કરવાના સંદર્ભમાં લોકો સાથે દોર ચાલી રહ્યો છે. દરમિયાન પોલીસ અધિકારીમાંથી સિવિલ રાઈટ એક્ટિવિસ્ટ બની ગયેલા કિરણબેદીએ કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટી ગુંચવણભરી સ્થિતિમાંછે. આ બાબત ખૂબજ આશ્ચર્યજનક છે. દરમિયાન પ્રાપ્ત થયેલી માહિતી મુજબ કેજરીવાલ આવતીકાલે દિલ્હીમાં ઉપરાજ્યપાલને મળશે. આ સંદર્ભમાં વધુ વિગતો હજુ જાહેર કરાઈ નથી.

## માઈન ડેવલોપમેન્ટ અંગે ૧૪ કંપનીઓને નોટિસ

કોલસા મંત્રાલયે જિંદાલ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ, હિન્દુસ્તાન ઝિક સહિત ૧૪ કંપનીઓને કારણદર્શક નોટિસ ફટકારી છે. કેપ્ટિવ યુઝ માટે તેમને કરવામાં આવેલી કોલસા ખાણની ફાળવણીના વિકાસમાં વિલંબ બદલ તેમને નોટિસ ફટકારવામાં આવી છે અને જરૂરી સ્પષ્ટતા માંગમાં આવી છે. કોલસા મંત્રાલય દ્વારા આ કંપનીઓને પત્રો મોકલીને જાણ કરવામાં આવી છે અને નોટિસનો જવાબ આપવા કહેવામાં આવ્યુ છે. કોલસા બ્લોકના વિકાસમાં વિલંબ શામાટે થઈ રહ્યો છે. ફાળવણીની શરતો અને ધારાધોરણોનો ભંગ કરવામાં આવી રહ્યો છે. તેમની સામે કાર્યવાહી કરવા ચેતવણી આપવામાં આવી છે. ૧૪ કંપનીઓ જેમની સામે નોટિસ જારી કરવામાં આવી છે તેમાં કેટલીક મોટી કંપનીઓનો સમાવેશ થાય છે. મંત્રાલયે થોડાક સમય પહેલા જ અદાણી પાવર, જયસ્વાલ, સહિત આઠ કંપનીઓને પણ નોટિસ આપી હતી.

## શેરબજારમાં સપ્તાહ દરમિયાન ભારે ઉથલપાથલ થશે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨૨

શેરબજારમાં સપ્તાહના ગાળા દરમિયાન ભાર ઉથલપાથલ રહેવાની શક્યતા દેખાઈ રહી છે. કારોબારીઓ આ ગાળા દરમિયાન દિશાહીન રહી શકે છે. ગુરૂવારના દિવસે માસિક ઈક્વિટી ડેરિવેટિવ્સની પુર્ણાહુતી વચ્ચે શેરબજારમાં સ્થિરતા જોવા મળશે નહી. આ અહેવાલના કારણે કારોબારીઓ પહેલાથી જ સાવધાન થઈ ગયા છે. ઈન્ટ્રા ડે દરમિયાન થતા કારોબારને લઈને લોકોને વધારે સાવધાની રાખવી પડશે. આગામી સપ્તાહમાં કારોબારમાં બેકિંગ, પસંદગીના એફએમસીજી, મિડિયા અને રિયાલિટીના શેરમાં લેવાલી જામી શકે છે. છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન બીએસઈ સેન્સેક્સમાં ૩૬૪ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો જેથી તેની સપાટી ૨૧૦૭૯ સુધી પહોંચી ગઈ હતી.

શેરબજારમાં બુધવારે ક્રિસમસના કારણે રજા રહેશે. બ્રોકરોનુ કહેવુ છે કે ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં કમાણીના આંકડાને લઈને ઉતારચઢાવની સ્થિતી રહી શકે છે. જાન્યુઆરીના બીજા સપ્તાહથી પરિણામની શરૂઆત થવાની શક્યતા છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે જો નિફ્ટી ૬૩૨૦ની સપાટીને કુદાવી લેવામાં સફળ રહેશે તો તે ૬૩૭૦ની સપાટી પર પહોંચી શકે છે. શેરબજારમાં વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવનાર રોકાણની પણ સીધી અસર રહેશે. યુએસ ફેડરલ રીઝર્વ દ્વારા જાન્યુઆરી ૨૦૧૪થી તેના માસિક રીતે બોન્ડ ખરીદી કાર્યક્રમમાં ૧૦ અબજ ડોલરના કાપની જાહેરાત બાદ તેની અસર પણ જોવા મળી રહી છ. નિષ્ણાંતો માને છે કે અન્ય વૈશ્વિક બજારોમાં હાલના પ્રવાહ, અમેરિકી ડોલરની સામે રૂપિયાની સ્થિતી અને અન્ય સ્થાનિક પાસાઓની પણ અસર થશે. અમેરિકી બજારની પણ કેટલાક ડેટા પર નજર રહેલી છે.

### સર્વર મેન્ટેનેન્સની પ્રક્રિયા હાથ ધરાઈ

## રેલવે રિઝર્વેશન આઠ કલાક માટે બંધ રહેશે

નવી દિલ્હી,તા. ૨૨

રેલવે રિઝર્વેશન વ્યવસ્થામાં ટેકનિકલ ખામી સર્જાઈ જવાના કારણે ઓનલાઈન રિઝર્વેશનની પ્રક્રિયા અટવાઈ પડી હતી. રેલવેના ઓનલાઈન અને ઓફલાઈન રિઝર્વેશન પ્રક્રિયા આજે રવિવારે સાંજે સાત વાગ્યાથી સોમવારે વહેલીપરોઢ સુધી બંધ રહેશે. આ અવધિમાં રેલવે પોતાની રિઝર્વેશન વ્યવસ્થાના સર્વરને વ્યવસ્થિત કરવાની પ્રક્રિયા હાથ ધરશે. આ ગાળા દરમિયાન રેલવે કાઉન્ટર અને આઈઆરસીટીસી મારફતે ટિકિટ બુક થઈ શકશે નહીં. આ ગાળા દરમિયાન તત્કાલ રિઝર્વેશન અને રિફંડ જેવી વ્યવસ્થા પણ બંધ રહેશે. રેલવેએ યાત્રીઓની રિઝર્વેશન ટિકિટની સમસ્યાને હળવી કરવા માટે તત્કાલ રિઝર્વેશન અને રિફંડ માટે તમામ સ્ટેશન પર મેન્યુઅલી વ્યવસ્થા કરી છે.

### શબ્દ સમીપે (પાના નં. ચોથાનું ચાલુ)

‘દીકરી હેતની હેલી’ ગ્રંથના સંપાદક નટુભાઇ પરમારે ઉઘડતા પાને દીકરીઓની તસ્વીરો મુકી છે તો છેલ્લા પાને પિતાઓની તસ્વીરો મુકી છે. પુસ્તકમાં છેલ્લે ‘દલિત સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન’ શિર્ષકથી ડો. પી.ડી.વાઘેલા ( આઇએએસ ) દ્વારા દલિત પિતાઓ એ એમની લાડકી દીકરીઓ વિશે જે સંવેદનાઓ વ્યક્ત કરી છે તેનાથી ગુજરાતના દલિત સમાજ જીવનની એક આગવી છબિ ઝીલાઇ છે તેમ જણાવી સંપાદકના આ કાર્યને બિરદાવ્યું છે. તો સંપાદકે જેમનું છે તેમણે જ... અર્પણ કરી જોસેફ મેકવાન પ્રત્યેની પોતાની ઉમદા ભાવના વ્યક્ત કરી છે. જોસેફ મેકવાનના પુત્ર ચંદ્રવદન મેડવાને હેતની હેલીની સોનોગ્રાફી રજૂ કરી નટુભાઇ પરમારના હુંફાળા પ્રયાસને બિરદાવ્યો છે.

***દીકરી હેતની હેલી***
***સંપાદક : જોસેફ મેકવાન***
***ગ્રંથ સંપાદન - નટુભાઇ પરમાર***
***પ્રકાશક - સમાજ મિત્ર ચેરીટેબલ ટ્રસ્ટ***
***‘છાંયડો’ ૧૬૮/૨, સૂર્યનારાયણ સોયાયટી.***
***સેક્ટર-૨૫, ગાંધીનગર***
***પ્રથમ આવૃત્તિ-૨૦૧૩, કિંમત રૂા. ૨૫૦, પૃષ્ઠ-૨૫૦***

# ઘરે પરત ફરવા હિંસાગ્રસ્ત લોકોને રાહુલનો અનુરોધ

મુજફ્ફરનગર,તા. ૨૨

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ રાહત કેમ્પમાં રહેતા મુજફ્ફરનગર કોમી હિંસાનો શિકાર થયેલા લોકોને તેમના ઘરે પરત ફરવા આજે અપીલ કરી હતી. સાથે સાથે એમ પણ કહ્યુ હતુ કે હિંસા ફેલાવવા ઈચ્છુક લોકોની મહત્વકાંક્ષા ક્યારે પૂરી ન થાય તે માટે આ બાબત ખૂબજ જરૂરી છે. રાહુલે એમ પણ કહ્યુ હતુકે કોમી હિંસાને ભડકાવવા ઈચ્છુક લોકો લાભ ઉઠાવવા માટે પ્રયત્નશીલ બન્યા છે. કોમી હિંસાનો ભોગ બનેલા લોકો રાહત કેમ્પમાં રહે તેવી ઈચ્છા હિંસક તત્વો રાખી રહ્યા છે. મુજફ્ફરનગરમાં કોમી હિંસાનો શિકાર થયેલા લોકોના રાહત કેમ્પની રાહુલે આજે મુલાકાત લીધી હતી. ઉત્તરપ્રદેશના સામલી જિલ્લામાં મુસ્લિમ બહુમતિવાળા મલકપુરમાંથી સવારમાં રાહુલે તેમની યાત્રાની શરૂઆત કરી હતી. રાહુલે કહ્યુ હતુ કે કોમી હિંસા ભડકાવવા ઈચ્છુક લોકો માને છે કે રમખાણગ્રસ્ત લોકો તેમના ઘરે પરત જવા જોઈએ નહીં આવી સ્થિતિમાં તેમને લાભ થશે. રમખાણગ્રસ્ત લોકોને આવી સ્થિતિમાં રાખીને લાભ ઉઠાવવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. રાહુલે કબુલાત કરી હતી કે આ બાબત મુશ્કેલરૂપ છે અને દહેશત પણ છે પરંતુ અમે આનાથી પણ વધારે વિચારી રહ્યા છીએ. લાબા ગાળે રાહત કેમ્પમાં રહેવાની બાબત યોગ્ય સાબિત થશે નહીં. કોમી હિંસા ભડકાવવા ઈચ્છુક તત્વોના ઈરાદા ખુબ ખતરનાક છે. હિંસા પિડિત લોકો સાથે વાતચીત કરતા રાહુલે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. જો કે ભોગ બનેલા લોકો તરફથી એવો સ્પષ્ટ અભિપ્રાય અપાયો હતો કે તેઓ તેમના ઘરે પરત જવા માટે ઈચ્છુક નથી કારણકે તેમના પર ફરી હુમલા થઈ શકે છે. રાહુલે હિંસા પીડિતો સાથે વાત કરી હતી અને તેમની રજુઆત સાંભળી હતી. કોંગ્રેસ દ્વારા મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુજફ્ફરનગર કોમી હિંસાના સંદર્ભમાં રાહુલે થોડાક સમય પહેલા વિવાદાસ્પદ નિવેદન કર્યુ હતુ અને કહ્યુ હતુ કે પાકિસ્તાની સંસ્થાઓ મુજફ્ફરનગરમાં કોમી હિંસાનો શિકાર થયેલા લોકોને લાલચ આપવાના પ્રયાસ કરી રહી છે. રાહુલના આ નિવેદન બાદ કોંગ્રેસ સામે જટિલ સ્થિતિ સર્જાઈ હતી અને કોંગ્રેસના નેતાઓને સ્પષ્ટીકરણ કરવાની ફરજ પડી હતી. કોઈ સિનિયર નેતાએ પ્રથમ વખત મુજફ્ફરનગરની મુલાકાત લીધી છે તેવો મત ભોગ બનેલા લોકો પૈકીના કેટલાકે આજે વ્યક્ત કર્યો હતો.



## સોનાની આયાતના નિયમ હળવા કરવા ઉગ્ર રજુઆત

નવી દિલ્હી,તા. ૨૨

નિકાસને વધારવા અને નિકાસકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી વાણિજ્ય મંત્રાલય દ્વારા સોનાની આયાત પર લાદવામાં આવેલા નિયંત્રણોનેહળવા કરવાની આજે નાણાં મંત્રાલય સમક્ષ રજૂઆત કરી હતી. સોનાની આયાત પર આરબીઆઈ દ્વારા નિયંત્રણો લાદવામાં આવ્યા હતા.

આર્થિક બાબતોના સચિવ અરવિન્દ માયારામને લખવામાં આવેલા પત્રમાં વાણિજ્ય સચિવ એસઆર રાવે કહ્યું હતું કે સમગ્ર મામલામાં ધ્યાન આપવાની જરૂર છે. પત્રમાં રાવે કહ્યું છે કે વાણિજ્ય વિભાગના અધિકારીને આ મામલે વારંવાર જુદા જુદા વર્ગના પ્રતિનિધીઓ મળી રહ્યા છે જે કહી રહ્યા છે કે નિકાસકારોને ગણી તકલીફ થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્તમાન ખાતાકીય ખાધને વધતી રોકવા માટે આરબીઆઈ દ્વારા ઓગષ્ટ મહિનામાં સોનાની આયાત પર નિયંત્રણો લાદવામાં આવ્યા હતા.

# પીએફ થાપણ પર વ્યાજદર અંગે ૧૪મીએ નિર્ણય થશે

નવી દિલ્હી,તા.૨૨

રીટાયરમેન્ટ ફંડ બોડી ઈપીએફઓ ૧૪મી જાન્યુઆરીના દિવસે વર્તમાન નાણાંકીય વર્ષ માટે પીએફ થાપણ પર વ્યાજદર અંગેની જાહેરાત ૧૪મી જાન્યુઆરીના દિવસે કરશે.

ઈપીએફઓની આ જાહેરાતથી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવી ગયો છે. હવે થાપણદારોમાં વ્યાજદરને લઈને ચર્ચા અને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. મળેલી માહિતી મુજબ ઈપીએફઓ તેના પાંચ કરોડથી વધારે ગ્રાહકોને વર્ષ ૨૦૧૨-૧૩માં આપેલા ૮.૫ ટકા કરતા વધારે વ્યાજદરની ઓફર કરે તેવી શક્યતા છે. શ્રમ પ્રધાનના નૃત્વમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી દ્વારા વ્યાદ દર અને અન્ય મામલા અંગે સક્રિય વિચારણા આગામી મહિનાની બેઠકમાં કરવામાં ।વશે. સીબીટી એમ્પલોઈસ પ્રોવિડેન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે.ઈપીએફઓના સેન્ટ્રલ પ્રોવિડેન્ટ ફંડ કમીશનર કેકે જાલને માહિતી આપતા કહ્યું છે કે ઈપીએફઓ દ્વારા આગામી વર્ષ ૧૪મીજાન્યુઆરીના દિવસે સીબીટીની મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવી છે. અન્ય મુદ્દાઓની સાથે આ બેઠકમાં વર્ષ ૨૦૧૩-૧૪ના વ્યાજદરના પ્રશ્ને ચર્ચા કરવામાં આવશે. ત્યારબાદ આને ટ્રસ્ટી દ્વારા મંજૂરી આપવામાં આવનાર છે. જાલને કહ્યું હતું કે વર્તમાન નાણાંકીય વર્ષ માટે પીએફ થાપણ પર વ્યાજદરના મામલે નિર્ણય લાંબા સમયથી કરવામાં આવ્યો નથી. આગામી બેઠકમાં બોર્ડ દ્વારા આ મુદ્દે ચર્ચા કરવામાં આવનાર છ. વ્યાજદરના મામલે નિર્ણય કરવામાં આવી શકે છે. તેમણે કહ્યું હતું કે આ મામલે નિર્ણય લઈ શકાયો નથી. કારણ કે મે મહિનામાં તેની ફેરરચના કરવામાં આવ્યા બાદથી સીબીટીની બેઠક યોજાઈ નથી. વર્તમાન નાણાંકીય વર્ષ માટે ઈપીએફઓના આવકના અંદાજ મુજબ બોડી વર્ષ ૨૦૧૩-૧૪ માટે મંજૂર કરવામાં ।વેલા ૮.૫ ટકા કરતા વધારે વ્યાજદરની ઓફર કરી શકે છે. જો કે અંતિમ નિર્ણય જાન્યુઆરીમાં જ જાણી શકાશે. સીબીટી દ્વારા એક વખતે લીલીઝંડી મળી ગયા બાદ વ્યાજદર અંગે નિર્ણય કરવાની બાબત નાણાંમંત્રાલય પાસે જશે. જે તેને મંજૂરી આપશે. ધારાધોરણો મુજબ ઈપીએફઓ નાણાંકીય વર્ષની શરૂઆત પહેલા જ પીએફ થાપણ પર વ્યાજદર મામલે નિર્ણય કરે છે. જો કે છેલ્લા થોડાક વર્ષોમાં રેટની જાહેરાત કરવામાં વિલંબ થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૨-૧૩માંઈપીએફઓ વ્યાજ દર ૮.૫ ટકા હતો. જે વર્ષ ૨૦૧૧-૧૨માં ૮.૨૫ ટકા હતો.

### સિદ્ધિ મેળવનાર કપીલ બાદ બીજો ઝડપી બોલર

## ૩૦૦ વિકેટ લેનાર ઝહીર ચોથો ભારતીય બોલર છે

જોહાનિસબર્ગ,તા. ૨૨

ઝડપી બોલર ઝહિર ખાને આજે વધુ એક સિદ્ધિ મેળવી લીધી હતી. આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર વાપસી કર્યા બાદ ઝહિર ખાને ૩૦૦ વિકેટ લેવાની સિદ્ધી મેળવી લીધી હતી. આજે એક વિકેટ વધુ ઝડપવાની સાથે જ ઝહિર ખાન મહાન ખેલાડી કપીલ દેવ બાદ ટેસ્ટ ક્રિકેટમાં ભારત તરફથી ૩૦૦ વિકેટની સિદ્ધિ મેળવનાર બીજો ઝડપી બોલર બની ગયો હતો. ઝહિર ખાને ધારણા પ્રમાણે જ આ ટેસ્ટ મેચમાં જ સિદ્ધિ હાંસલ કરી હતી. વારંવારની ઈજા, ખરાબ ફોર્મ અને ફિટનેશના મામલામાં ઝહિર ખાનને વારંવાર ટીમની બહાર રહેવાની ફરજ પડી છે. ઝહિરે ટીમમાં વાપસી કરીને સાબિતી આપી છે કે તે હજુ પણ ખૂબ મહેનત કરી રહ્યો છે.ઝહિર શ્રેષ્ઠ ભારતીય ઝડપી બોલર તરીકે ફરીએકવાર ઉભર્યો છે. માત્ર આજે જ નહીં ગઈકાલે પણ ઝહિરના બોલિંગ શાનદાર રીતે રિવર્સ સ્પીંગ થઈ રહ્યા હતા. સ્મિથને આઉટ કરવાની બાબત ખૂબ મોટી સિદ્ધિ સમાન છે. ઝહિર ૩૦૦ વિકેટની સિદ્ધિ ઉપર પહોંચ્યા બાદ વધુ સમય સુધી રમવાની ઈચ્છા ધરાવે છે. અન્ય ઝડપી બોલરોએ પણ ઝહિર ખાનની પ્રશંસા કરી છે. શકે છે.જોહાનીસબર્ગમાં રમાઈ રહેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના આજે પાંચમાં દિવસે કાલીસને એલબીડબલ્યુ આઉટ કરીને ઝહીરે ટેસ્ટ મેચમાં ૩૦૦ વિકેટ પૂર્ણ કરી હતી. ભારત તરફથી આ સિદ્ધી મેળવનાર તે ચોથો બોલર છે. ઝહીરે ૮૯મી ટેસ્ટ રમતા આ સિદ્ધી પર પહોંચ્યો હતો.

## સલમાનની જય હો ૨૪ જાન્યુઆરીએ રજુ થશે

આમીરખાનની ધૂમ-૩ ફિલ્મ રજુ થયા બાદ એક બાજુ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પ્રાથમિક સફળતા મેળવી રહી છે ત્યારે નવા વર્ષમાં અન્ય એક મોટી ફિલ્મ જય હો રજુ થવા જઈ રહી છે. ઈરોઝ ઈન્ટરનેશનલ, સોહેલખાન પ્રોડક્શન આ ફિલ્મમાં સલમાનની સાથે સુનિલ શેટ્ટી, અસ્મીત પટેલ, ડેઝી શાહ, તબ્બુની મુખ્ય ભૂમિકા છે. સોહિલ ખાનના નિર્દેશન હેઠળ બની રહેલી આ ફિલ્મ છે જેમાં સલમાન ખાને એક ભ્રષ્ટાચાર અને અન્ય સામે જંગ છેડનાર યુવકની ભૂમિકા અદા કરી છે. લોકોની મદદ કરવાના મિશન સાથે તે ફિલ્મમાં કામ કરતો નજરે પડે છે. સલમાનની આ વર્ષે કોઈ ફિલ્મ રજુ થઈ નથી આવી સ્થિતિમાં જયહો ફિલ્મનો ચાહકોને ઉત્સુકતાપૂર્વ ઈન્તજાર છે.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

ખરેખર પપ્પા હોં, સારું થયું તમે મને અહીં મોકલ્યો, નહીં તો ગરીબાઈ એટલે શું એ હું કયારેય સમજી ન શકયો હોત. આપણે બહુ જ ગરીબ છીએ.

એટલે મારા વહાલા વિદ્યાર્થીઓ, ગરીબાઈનું આવું છે. ગરીબ હોવાનો એક લાભ પણ છે. તમે તમારી આસપાસ અત્યંત સફળ મનુષ્યો તરફ નજર કરશો તો તેમના ભૂતકાળમાં કયાંક ગરીબાઈ જરૂર દેખાશે. ગરીબાઈ તમને કોઈપણ સાહસ ખેડવાનું એક અજીબોગરીબ બળ આપે છે. જે ભૂખ્યો હશે તેને જ કામ કરવાની પ્રેરણા થશે. જેનું પેટ ભરેલું હશે તે થોડો ઊભો થશે? અબ્રાહમ લિંકન, ચાર્લી ચેપ્લીન, વગેરે અસંખ્ય ઉદાહરણો આપી શકાય.

આજની ચર્ચા પરથી મને એટલું સમજાઈ ગયું કે મારા વિદ્યાર્થીઓ ઉંમરમાં મારાથી નાના હતા પણ જ્ઞાનથી ઘણા સમૃદ્ધ હતા. તેઓ ભલે કોમ્પ્યુટર સાયંસમાં ડિગ્રી લેવાના હતા પરંતુ તેમણે મારી એક ટેવ ગ્રહણ કરી લીધી હતી. કોઈપણ પરિસ્થિતિને વાર્તાકથન સાથે સાંકળવાની. મને ખાતરી છે કે ભવિષ્યમાં પોતાનાં બાળકોને વાર્તાઓ કહીને, ભારતની આ ભવ્ય પરંપરાને તેઓ આગળ ધપાવશે.

(સૌજન્યઃ સુધા મૂર્તિ, અનુ. સોનલ મોદી)
- મંગલ મંદિર- અંક ડિસે. ૨૦૧૩